પેટ્રોલ, ડીઝલ અને ગેસમાં તોળાતો ભાવવધારો

નવી દિલ્હી,તા.૧૭

તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો ઉપર હવે ટૂંક સમયમાં જ વધુ બોજ ઝીંકવાની તૈયારી કરી લેવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મુશ્કેલરૂપ સ્થિતિ વચ્ચે હવે ટૂંકમાં જ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચ અને ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ત્રણનો વધારો કરવા તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. દેશ મોટી આર્થિક કટોકટીમાં છે અને વિશ્વભરમાં પણ નકારાત્મક પરિબળો પ્રવર્તિ રહ્યા છે ત્યારે પેટ્રોલની પેદાશોની કિંમતમાં વધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. વિશ્વસનીય સુત્રોએ કહ્યું છે કે ૨૨મી મેના દિવસે સંસદનું બજેટસત્ર પરિપૂર્ણ થઈ ગયા બાદ કોઈપણ સમયે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવશે. નાણામંત્રી પ્રણવ મુખર્જી આ અંગેનો સંકેત પણ આપી ચુક્યા છે. પ્રણવે પેટ્રોલ, ડીઝલની વાત કરી નથી પરંતુ તેઓ કહી ચુક્યા છે કે મુશ્કેલરૂપ સ્થિતિમાં કેટલાક બિન લોકપ્રિય પગલા લેવામાં આવશે જે લોકોને ગમશે નહીં. પરંતુ કટોકટીમાંથી બહાર નીકળવા આ પગલા ખૂબ જ જરૂરી રહેશે. ઓઈલ કંપનીઓને નુકશાન દિન પ્રતિદિન વધી રહ્યું છે. તેમનો નુકશાનનો આંકડો અભૂતપૂર્વ પહોંચી ગયો છે. એમ માનવામાં

આવે છે કે ઓઈલ કંપનીઓની માંગણી સમક્ષ ઝૂંકીને હવે પેટ્રોલની કિમત પર લીટરદીઠ ૪-૫, ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૨-૩ અને સિલિન્ડરની કિમતમાં રૂપિયા ૫૦નો વધારો કરવા ગણતરી શરૂ થઈ ચુકી છે. જો કે યુપીએના સાથી પક્ષો તરફથી વારંવાર વિરોધના કારણે આ સ્થિતિ વધુ વણસી ગઈ છે. વિરોધ પક્ષોને મનાવવા અને સાથી પક્ષોને સમજાવવાની બાબત સરળ દેખાઈ રહી નથી. છતાંય ભાવ વધારો ઝીંકવા સિવાય હવે કોઈ અન્ય વિકલ્પ દેખાઈ રહ્યા નથી. જો કે કેરોસીનની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. પેટ્રોલિયમ કિમતો સમય સમયે સુધારવામાં આવી છે પરંતુ હાલના સમયમાં પેટ્રોલની કિમતમાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. પ્રણવ મુખર્જી સાફ શબ્દોમાં કહી ચુક્યા છે કે જો હવે બિન લોકપ્રિય પગલા લેવામાં આવશે નહીં તો સ્થિતિ વધુ વણસી જશે. આનો સીધો મતલબ એ છે કે સ્થિતિ હવે ખરાબ થઈ છે. અને ભાવ વધારો કરવા સિવાય અન્ય વિકલ્પ નથી. બીજી બાજુ રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે તે જોતા ગેઝેટ અને કાર કિમતોમાં પણ વધારો થવાના શક્યતા છે. માર્કેટની નજર બજાર ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે.

પાંચમી જૂનના દિવસે નવી વેપાર નીતિની ઘોષણા થશે

નવી દિલ્હી, તા.૧૭

પાંચમી જૂનના દિવસે વિદેશ વેપાર નીતિની જાહેરાત કરવામા આવે તે પહેલા નિકાસકારોમા રાહતોને લઈને અટકળોનો દોર શરૂ થઈ ચુક્યો છે. વ્યાજ સબસિડી મામલે મુખ્ય ચર્ચા ચાલી રહી છે. સાથે સાથે નવા માર્કેટ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવાને લઈને પણ ચર્ચા છે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્મા સાથેની પોલિસી પૂર્વની બેઠક દરમિયાન નિકાસકારોએ શ્રેણીબદ્ધ રજૂઆત તેમણી તરફથી કરી હતી. પ્રધાને કહ્યુ હતુ કે વૈશ્વિક પડકારો સાથે સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન આપવામા આવશે. ડોલર સામે રૂપિયામા ઘટાડા અને ક્રેડિટ ખર્ચને લઈને પણ નાણામંત્રી પ્રણવ મુખર્જી સાથે ચર્ચા કરવામા આવશે. ડોલર ક્રેડિટની ઉપલબ્ધતાના મુદ્દે પણ છવાશે. તેમણે કહ્યુ હતુ કે સરકાર નિકાસને વેગ આપવા માટે બનતા તમામ પ્રયાસ કરશે. જો કે આયાતમા હાલમા થયેલા વધારા અંગે આનંદ શર્માએ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યુંહતુ કે રૂપિયાના અવમૂલ્ય બાદ વેપાર ખાદમા ઉલ્લેખનીય વધારો થઈ ચુક્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સરકાર નિકાસ બજારના ડાઈવર્સીફિકેશન ઉપર ધ્યાન આપશે. અન્ય બજાર ઉપર નજર કરવામા આવશે. અમેરિકા અને યૂરોપમા મંદીની અસરનો સામનો કરવા નિકાસકારોને પૂરતી મદદ કરવામા આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલ મહિનામાં નિકાસમા આંશિક ઘટાડો થયો છે. માર્ચ મહિનામાં પણ નિકાસ અને આયાતના આંકડામા ખૂબ અંતર રહેવાના લીધે વેપાર ખાદને લઈને ચિંતા રહી હતી. પાંચમી જૂનના દિવસે વેપાર પોલિસીની જાહેરાત કરવામા આવનાર છે ત્યારે નિકાસને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ નવા પગલા લેવામા આવે તેવી શક્યતા છે.

એર ઈન્ડિયાને નુકસાન વધીને ૧૮૮ કરોડ

નવી દિલ્હી, તા.૧૭

એર ઈન્ડિયાની કટોકટી આજે દસમાં દિવસમાં પ્રવેશી ગઈ હતી. હડતાળ ઉપર ઉતરેલા પાયલોટો અને એર ઈન્ડિયા મેનેજમેન્ટ વચ્ચે મડાગાંઠનો અંત આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે બન્ને પોતપોતાના વલણ ઉપર હજુ મક્કમ બનેલા છે. બીજીબાજુ હડતાળના કારણે એર ઈન્ડિયાને નુકસાન વધીને ૧૮૮ કરોડ સુધી પહોંચી ગયું છે. એર ઈન્ડિયા ઓપરેશનના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતાં કહ્યું છે કે હાલમાં કન્ટીજેન્સી યોજના ઉપર અમે કામ કરી રહ્યા છીએ. જે હેઠળ ખુબજ લઘુતમ સંખ્યામાં ઈન્ટરનેશનલ ફ્લાઈટો ઓપરેટ કરી રહ્યા છીએ. યુરોપ અને અમેરિકા સુધીની ઘણી ફ્લાઈટો ક્લબ કરી દેવામાં આવી છે. અધિકારીએ કહ્યું હતું કે ટિકિટ રદ થવાના કારણે ૧૮૮ કરોડનું નુકશાન થઈ ચુક્યુ છે. દરરોજનું નુકશાન ૧૩ કરોડની આસપાસનું પહોચ્યું છે.

ઈન્ટરનેશનલના રૂટ માટે એ૩૨૦, એ૩૨૧, એ૩૩૦ વિમાનો ગોઠવવામાં આવ્યા છે. તેની ૧૭ બોઈંગ ૭૭૭ ફ્લાઈટો પૈકી આઠ ઓપરેટ થઈ રહી છે. બોઈંગ ૭૭૭ વિમાન મોટાભાગે હડતાળ ઉપર ઉતરેલા ફ્લાઈટો મેનેજ કરે છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ સામે પણ આદોલનના કારણે કટોકટી થઈ છે. સેકડો લોકોના પ્રવાસ અટવાઈ પડ્યા છે. એર ઈન્ડિયા મેનેજમેન્ટ દાવો કર્યો છે કે મેનેજમેન્ટના લોકો તેમના વલણ ઉપર મક્કમ છે. જ્યાં સુધી હડતાળી પાયલોટો ફરજ પર હાજર થશે નહીં ત્યાં સુધી તેમની સાથે કોઈ વાતચીત કરવામાં આવશે નહીં. બીજીબાજુ ઈન્ડિયન પાયલોટ્સ ગિલ્ડે પણ કઠોર વલણ અપનાવીને કહ્યું છે કે મેનેજમેન્ટનું વર્તન યોગ્ય રહ્યું નથી. નાગરિક ઉડ્યન મંત્રાલયએ પણ સ્પષ્ટતા કરી છે કે જ્યાં સુધી હડતાળ જારી રહેશે ત્યાં સુધી પાયલોટો સાથે કોઈપણ પ્રકારની વાતચીત કરવામાં આવશે નહીં. એરઈન્ડિયાના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે જ્યાં સુધી હડતાળી પાયલોટો પરત ફરશે નહીં ત્યાં સુધી વાતચીત કરવાનો કોઈ વિકલ્પ નથી. હકાલપટ્ટી કરવામાં આવેલા પાયલોટોને પરત ફરજ પર લઈ લેવા સહિતના તમામ વિકલ્પ ટેબલ ઉપર રજુ કરવામાં આવશે. પરંતુ હાલમાં કઈપણ કહેવું મુશ્કેલ છે. ત્રણ પાયલોટો યુનિયનના નહીં હોવાનું જાણવા મળ્યુ છે. બીજીબાજુ આંતરિક સુત્રોનું કહેવું છે કે હડતાળને વહેલી તકે ઉકેલવાના પ્રયાસ જારી છે. દરમિયાન હડતાળના દસમાં દિવસે કોઈપણ ફ્લાઈટ રદ કરાવમાં આવી ન હતી. ઈન્ડિય પાયલોટ ગિલ્ટનું કહેવું છે કે એર ઈન્ડિયા મેનેજમેન્ટની બાબતોમાં વિશ્વાસ નથી. નક્કર ખાતરી આપવામાં આવ્યા બાદ જ હડતાળનો અંત લાવવાનો વિચારવામાં આવશે. દરમિયાન તેમના સાથીઓને છોડીને ત્રણ પાયલોટો ફરજ પર હાજર થઈ ગયા છે.

લોકસભામાં ચિદમ્બરમની ભોજપુરી ભાષાથી આશ્ચર્ય

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્રીય ગૃહ પ્રધાન પી ચિદમ્બરમે આજે લોકસભામાં ભોજપુરી ભાષા બોલીને તમામ સભ્યોને ચોંકાવી દીધા હતા. સામાન્ય રીતે તમિળ અને અંગ્રેજીમા બોલનાર ચિદમ્બરમે ભોજપુરીને બંધારણની આઠમી યાદીમાં પેટા સૂચીમા સામેલ કરવા મામલે આ ભાષાનો ઉપયોગ કર્યો હતો. ચિદમ્બરમે કહ્યુ હતુ કે હમ સબકે ભાવના સમજત બાની (અમે તમામની ભાવના સમજીએ છીએ)

ત્યારબાદ ઉપસ્થિત સભ્યો ચોંકી ઉઠયા હતા જો કે સભ્યોએ તેમની આ ભાષા બાદ પ્રશંસા પણ કરી હતી. લોકસભા અધ્યક્ષ મીરા કુમારે પણ તેમની પ્રશંસા કરી હતી. મીરા કુમાર પોતે બિહારના છે. મીરા કુમારે કહ્યુ હતુ કે જે ચિદમ્બરમને તેઓ ક્યારે હિંદી ભાષા બોલતા જોયા નથી તેઓએ લોકસભામા ભોજપુરી ભાષામા વાત કરી છે. ચિદમ્બરમ લોકસભામા ધ્યાન આકર્ષણ દરખાસ્ત ઉપર જવાબ આપી રહ્યા હતા જેમાં ભોજપુરી ભાષામા બિહારની મુખ્ય ભાષાના રૂપમાં બંધારણની આઠમી યાદીમા સામેલ કરવાની અને આને સત્તાવાર ભાષાનો દરજ્જો આપવાની વાત કરી છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે આનાથી સંબંધિત પ્રક્રિયાને ઝડપી બનાવવામા આવશે. આ સંબંધમાં બે કમેટીના અહેવાલની રાહ જોવામા આવી રહી છે.

અણ્ણા હજારેના કાફલા ઉપર નાગપુરમાં હુમલો

નાગપુર,તા.૧૭

નાગપુરમાં સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેના કાફલા પર વણઓળખાયેલા લોકોએ હુમલો કરતાં ભારે સનસનાટી મચી ગઈ છે. મળેલી માહિતી મુજબ અણ્ણા હજારેના કાફલામાં રહેલા વાહનો પૈકી એક પર ચિત્તનીસ પાર્ક ખાતે લોકોના ટોળાએ હુમલો કર્યો હતો. આ વાહનમાં અણ્ણાના એનજીઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકોનો જથ્થો હતો. આ પુસ્તકોનું વેચાણ સ્થળ ઉપર કરવામાં આવનાર હતું. જો કે ગાડીમાં રહેલા ચાર લોકો પૈકી કોઈને ઈજા થઈ ન હતી. પરંતુ વાહનની બારીઓને નુકશાન થયું હતું. શહેર પોલીસે આ

સંબંધમાં સાત લોકોની અટકાયત કરી છે. અટકાયતમાં લેવામાં આવેલા લોકોની પુછપરછ ચાલી રહી છે. અણ્ણાએ પોતે પણ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈને તપાસમાં પ્રગતિ અંગે માહિતી મેળવી હતી. રાલેગણ સિદ્ધીમાં અણ્ણાની સાથે કામ કરતા દત્તા અવારીએ કહ્યું હતું કે અમારા એનજીઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા સાત પુસ્તકોની નકલ અમારી સાથે હતી. ચિત્તનીસ પાર્કમાં પહોંચતાની સાથે જ હુમલો કરવામાં આવ્યો હતો.

વધુ એલપીજી કનેક્શન ધરાવનાર લોકો સામે તવાઈ

નવી દિલ્હી,તા.૧૭

પ્રમાણિક ગ્રાહકો સુધી સબસિડી વાળા સ્થાનિક એલપીજી ગેસને મર્યાદિત રાખવા માટે સરકારે કમરકસી લીધી છે. સાથે સાથે એક કરતા વધુ એલપીજી કન્કેશન અથવા તો પાઈપલાઈન મારફતે કુદરતી ગેસ (પીએનજી) કનેક્શન એક સાથે ધરાવતા લોકો સામે હવે તવાઈ આવી શકે છે. કારણ કે હવે એલપીજી કનેક્શનોને મર્યાદિત કરવા અને યોગ્ય ઉપયોગ થાય તે માટે તૈયારી કરી દેવામા આવી છે. ત્રણ સરકારી ઓઈલ માર્કેટર્સે એક કરતા વધુ એલપીજી કનેક્શનને બ્લોક કરવા માટે કમર કસી લીધી છે. માર્ચ ૨૦૧૨ સુધી ઓઈલ માર્કેટર્સે ૩.૮ મિલિયન એલપીજી કનેક્શન બ્લોક કરી દીધા છે. આગામી દિવસોમાં આ ઝુંબેશ વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. મેં ૨૦૧૦માં આ ઝુંબેશ હાથ ધરવામા આવી હતી. વર્ષ ૨૦૧૨થી આને વધુ તીવ્ર બનાવવામા આવનાર છે. મળેલી માહિતી મુજબ મલ્ટીપલ લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલપીજી) કનેક્શન ધરાવનાર અથવા પીએનજી કનેક્શન ધરાવનાર લોકો સામે ચકાસણી હાથ ધરાશે જો આને સરેંડર કરવામા આવશે નહી તો કાર્યવાહી કરવામા આવશે. ઓઈલ માર્કેટીંગ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે સાથે મળીને દેશ ભરમાં એકથી વધુ કનેક્શન ધરાવનાર કસ્ટમરો સાથે સંકળાયેલા ૨.૯ મિલિયન એલપીજી કનેક્શન બ્લોક કરી દીધા છે. આવી જ રીતે પીએનજી કનેક્શન ધરાવતા ગ્રાહકોની સાથે ૯૦૦૦૦૦ એલપીજી કનેક્શન પણ બ્લોક કરી દેવામા આવ્યા છે. કનેક્શનને બ્લોક કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. હવે ગ્રાહકોને લાંબા સમય સુધી રિફીલની સુવિધા મળશે નહી. મળેલી માહિતી મુજબ ઓઈલ કંપનીના એક અધિકારીએ કહ્યુ છે કે આવા સિલિન્ડરોને સરેંડર કરી દેવામા આવે તે જરૂરી છે. સિક્યુરીટી ડિપોઝીટના રિફંડ મેળવવા માટે આ પગલા જરૂરી બની ગયા છે. રાંધણ ગેસ કવરેજ હેઠળ નવા કસ્ટમરોને લાવવા હિલચાલ ચાલી રહી છે. સૌથી વધુ મલ્ટીપલ એલપીજી કનેક્શન જ્યા બ્લોક કરવામા આવ્યા છે તેમા આંધ્ર પ્રદેશનો સમાવેશ થાય છે. ૪૮૮૦૦૦ એલપીજી કનેક્શન બ્લોક કરવામા આવ્યા છે. ત્યાર બાદ તમિળનાડુમાં ૪૭૦૦૦૦ મલ્ટીપલ એલપીજી કનેક્શન બ્લોક કરાયા છે. ગુજરાતમાં પણ મોટી સંખ્યામા મલ્ટીપલ એલપીજી કનેક્શન બ્લોક કરાયા છે ગુજરાતમા આ સંખ્યા ૧૫૮૦૦૦ની આસપાસની છે. આવી જ રીતે પીએનજી સાથે કસ્ટમરોમા એલપીજી કનેક્શન મહારાષ્ટ્રમા બ્લોક કરાયા છે. આની સંખ્યા ૩૯૯૦૦૦ છે. ત્યાર બાદ ગુજરાતમાં ૩૨૯૦૦૦ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૧૬૦૦૦૦ પીએનજીની સાથે કસ્ટમરોમાં એલપીજી કનેક્શન બ્લોક કરાયા છે. એત્રે નોંધનીય છે કે પીએનજીનો ઉપયોગ ખર્ચ સબસીડી વાળા એલપીજી કરતા પણ ઓછો છે જેથી એલપીજી વાળા કસ્ટમરો પીએજી તરફ વળતા ખચકાટ અનુભવ કરતા નથી. દેશમાં હાલ ૧.૬ મિલિયન પીએનજી કનેક્શન છે. અન્ય ઓઈલ ઈન્ડસ્ટ્રીના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઓઈલ માર્કેટર્સ મલ્ટીપલ એલપીજી કનેક્શન બ્લોક કરનાર છે. તેમની પોતાની કંપનીના મલ્ટીપલ એલપીજી કનેક્શન બ્લોક કરવામા આવનાર છે. આગામી મહિનામા જુદી જુદી કંપનીઓ સાથે સંકળાયેલા કનેક્શનોને પણ બ્લોક કરાશે. ઈન્ડિય ઓઈલ, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમને હાલ ભારે નુકસાન થઈ રહ્યુ છે. દરેક એલપીજી ગેસ સિલિન્ડર પર તેમને ૪૮૦ રૂપિયાનુ નુકસાન થઈ રહ્યુ છે. દેશમાં હાલ ૧૩૩ મિલિયન એલપીજી કનેક્શન છે. ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૩૯૯.૨૬ રૂપિયા છે. જંગી અંતરના કારણે સ્થિતિ વિખવાદ વાળી બનેલી છે. સબસીડી વાળા સિલિન્ડરોની સંખ્યા ગ્રાહકો માટે મર્યાદિત કરી દેવાની દરખાસ્ત ગયા વર્ષે આવી હતી પરંતુ આને પડતી મૂકી દેવામા આવી છે કારણ કે યૂપીએના સાથી પક્ષો ડીએમકે અને તૃણમુલ કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામા આવી રહ્યો છે.

રાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે સાંગમાને બીજેડીનો ટેકો

ભુવનેશ્વર, તા.૧૭

ઓરિસ્સાના મુખ્યમંત્રી અને બીજુ જનતાદળના પ્રમુખ નવીન પટનાયકે આજે જાહેરાત કરી હતી કે તેમની પાર્ટી જુલાઈમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ અને એનસીપીના નેતા પી સાંગમાને ટેકો આપશે. નવીન પટનાયકે કહ્યુ હતુ કે તેઓ અન્ના દ્રમુખના વડા જયલલિતા સાથે સંગમાના મામલે વાતચીત કરી ચુકયા છે. નવીન પટનાયકે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે તેઓ તમામ મુદ્દા પર અન્ય રાજકીય પક્ષો સાથે વાતચીત કરી રહ્યા છે. જયલલિતા સાથે વાતચીત પહેલા પટનાયકે

બીજેડીના અન્ય નેતા સાથે વાતચીત કરી હતી. ચેન્નાઈની મુલાકાત લીધાનો એક સમાહ બાદ નવીન પટનાયકે આ જાહેરાત કરી છે. જયલલિતા સાથે નવીન પટનાયકના સંબંધ ભાઈ બહેન જેવા છે. તાજેતરના મહિનાઓમાં બંને વચ્ચે વારંવાર મીટિંગો યોજાઈ છે. ૨૦૧૪મા યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા નવા રાજકીય સમીકરણો રચાવવાના સંકેત દેખાઈ રહ્યા છે. બીજેડીના નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામા આવે છે.

શાહરુખે મારામારી કરતા વાનખેડેમાં એન્ટ્રી પર રોક

ખેલાડીઓ વચ્ચે ગાળાગાળી, સ્પોટ ફિક્સિંગ અને બ્લેક મનીના ઉપયોગના આરોપ બાદ આઈપીએલના ચહેરા ઉપર વધુ એક કલંકિત દાગ

મુંબઈ,તા.૧૭

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ઉપર વિવાદોનો સકંજો દિન પ્રતિદિન વધી રહ્યો છે. ખેલાડીઓ વચ્ચે ગાળાગાળી, સ્પોટ ફિક્સિંગ અને બ્લેક મનીના ઉપયોગના આરોપ બાદ આઈપીએલના ચહેરા ઉપર વધુ એક કલંકિત દાગ લાગી જતા તેની લોકપ્રિયતાને ફટકો પડ્યો છે. આઈપીએલના ચહેરા પર હવે આમાં ભાગ લેનાર એક ફ્રેન્ચાઈસીસના માલિકે કલંક લગાડતા આની ભારે ચર્ચા થઈ છે. આરોપોમાં જણાવવામાં આવ્યું છે કે બુધવારની રાત્રે કોલકાતા નાઈટ રાઈડર અને મુંબઈ ઈન્ડિયનની વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચ પરિપૂર્ણ થયા બાદ નશામાં રહેલા શાહરૂખ ખાને વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ક્રિકેટ એસોસીએશનના અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓ સાથે મારામારી કરી હતી. ગાળાગાળી પણ કરી હતી. હવે વાનકેડે સ્ટેડીયમમાં શાહરૂખની એન્ટ્રી પર આજીવન પ્રતિબંધ મુકવાની સાથે જ પોલીસ સ્ટેશનમાં શાહરૂખ ખાન સામે ફરિયાદ પણ દાખલ કરવામાં

આવી હતી. પોલીસ અધિકારીએ કહ્યું છે કે શાહરૂખ ખાનનું નિવેદન નોંધવા માટે તેને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવશે. એક ટીવી ચેનલના અહેવાલમા જણાવવામાં આવ્યું છે કે એમસીએના અધિકારી રવિ સાવંતે કહ્યું છે કે મેચ બાદ શાહરૂખ અને તેના બોડીગાર્ડ ટીમના ડ્રેસિંગ રૂમમાં પહોંચ્યા હતા અને ત્યારબાદ ગ્રાઉન્ડમાં જવા લાગ્યા છે. એમસીએ સિક્યુરિટી કર્મચારીઓએ તેમને કહ્યું હતું કે મેચ પરિપૂર્ણ થઈ ચુકી છે અને તેઓ મેદાન પર જઈ શકે નહીં. આ નિવેદન બાદ શાહરૂખ ખાને એમસીએ સિક્યુરિટી ઓફિસરો અને કર્મચારીઓ સાથે ખરાબ વર્તન કર્યું હતું અને ગાળો પણ આપી હતી. સિક્યુરિટી ગાર્ડને થપ્પડ પણ મારી દીધો હતો. એમસીએ અધ્યક્ષ વિલાશરાવ દેશમુખ અંગે પણ ખોટી વાત કરી હતી. મળેલી માહિતી મુજબ શાહરૂખ ખાનની તકલીફ આના કારણે વધી ગઈ છે. મુંબઈમાં રમાયેલી આ મેચમાં કોલકત્તાએ મુંબઈ ઈન્ડિયન્સને ૩૨ રને હાર આપી હતી. શાહરૂખ ખાનના આ મામલાને લઈને ભારે હોબાળો મચી ગયો છે. એમસીએના અધિકારીઓએ પોલીસ ફરિયાદ કરી દીધી છે. શાહરૂખ ખાન હવે તેના ખરાબ વર્તનના કારમે વાનખેડેના પ્રાંગણમાં પ્રવેશી શકશે નહીં.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૩) ઋત્વા એ. પટેલ : સે-૨૩થી
પ્રશ્ન - પાવરલૂમની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી?
જવાબ - ઇંગ્લેન્ડના એડમંડ કાર્ટરાઇટ વૈજ્ઞાનિકે ઇ. સ. ૧૭૮૫ માં.
(૪) તીર્થ. એલ. મહેતા : સે-૩થી
પ્રશ્ન - હોરોસ્કોપ શું છે?
જવાબ - હસ્ત સામુદ્રીક શાસ્ત્ર અને તેનું દર્શન કરાવતું સાધન.
(૫) પરમાર હાર્દી. એચ. : સે-૨૪થી
પ્રશ્ન - બલૂનની શોધ કોણે કરી હતી?
જવાબ - ઇ. સ. ૧૭૮૩ માં ફ્રાન્સના મોન્ટ ગોલ્ફિયર ભાઇઓએ.

આ સપ્તાહનો સવાલ...?

તાજેતરમાં અમેરિકાના કયા મંત્રી ભારતના પ્રવાસે આવ્યા હતા?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

સાચા જવાબો :-

ાા (ાb) ાા (૨b) ાર (૬b) ાા (૯b) ક (bb) ક (૦b) ાા (૭)
ાા (૭) ાર (૬) ક (૩) ડ (h) ક (૨) ાર (૬) ાર (૯) ડ (b)

યેદીયુરપ્પાની જામીન અરજી ઉપર સુનાવણી મોકુફ કરાઇ

બેંગ્લોર,તા.૧૭

સીબીઆઈની નિયુક્ત અદાલતે આજે કર્ણાટકના ભુતપુર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા અને તેમના પરિવારના સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી આગોતરા જામીન અરજી પર સુનાવણી ૨૫મી મે સુધી મોકુફ કરી દિધી હતી. યેદીયુરપ્પા અને તેમના પરિવારના સભ્યો સામે સીબીઆઈ ગેરકાયદે માઈનિંગ કૌભાંડના સંબંધમાં તપાસ ચલાવી રહી છે. ગઈકાલે યેદીયુરપ્પા અને તેમના પરિવારના સભ્યોના આવાસ ઉપર સીબીઆઈએ દરોડા પાડ્યાના કલાકો બાદ જ યેદીયુરપ્પા અને તેમના પુત્ર બીવાય રાઘવેન્દ્ર અને બીવાય વીજેન્દ્ર દ્વારા જામીન અરજી

દાખલ કરવામાં આવી હતી. યેદીયુરપ્પાના જમાઈ આરએન સોહન કુમારે પણ આગોતરા જામીન માટેની અરજી કરી દીધી હતી. આ મામલામાં સુનાવણી મોકુફ કરતી વેળા જજ એસ ગૌડાએ નિયમીત કોર્ટમાં રજુઆત કરવા તેમને આદેશ આપ્યો હતો. હાલમાં આ કોર્ટમાં ઉનાળાની રજાઓ ચાલી રહી છે. આ કેસમાં સીબીઆઈ તપાસનો સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યા બાદ સીબીઆઈની અધિકારીઓ બોમાઈનિંગ કંપનીઓ ઉપર પણ દરોડા પાડી ચુક્યા છે. બેંગ્લોર અને હૈદરાબાદની ટીમે ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં યેદીયુરપ્પાના આવાસ ઉપર પણ દરોડા પડાયા હતા.

પોલીસ્ડ ડાયમંડ માર્કેટનું કદ ૪.૫ અબજ ડોલર છે

અમદાવાદ, તા.૧૭

રૂપિયો નબળો પડતા પોલીસ્ડ ડાયમંડની કિમતમાં તીવ્ર વધારો થયો છે. જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રી પાસેથી પ્રાપ્ત આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં પોલીસ્ડ ડાયમંડ માર્કેટનું કદ હાલમાં વાર્ષિક ૪.૫ અબજ ડોલર સુધી પહોંચી ગયુછે. છેલ્લાક થોડાક વર્ષોમાં પોલીસ્ડ ડાયમંડનું વેચાણ વાર્ષિક ૪૦ ટકાના દરે વધી રહ્યુંછે. એમ માનવામાં આવે છે કે વર્ષ ૨૦૫૦ સુધી પોલીસ્ડ ડાયમંડનું વેચાણ ૬ અબજ ડોલરની સપાટી સુધી પહોંચી જશે. આયાત અને નિકાસનો કારોબાર મોટાભાગે ડોલરમાં ચાલે છે. ભારત મોટાભાગે વિદેશી માર્કેટમાંથી રફ ડાયમંડની આયાત કરે છે. જેથી વધારે અસર થવાની શક્યતા દેખાઈ રહી નથી.

વાઘા સરહદ ઉપર આતંકવાદી હુમલાનો તોળાતો ખતરો

નવી દિલ્હી, તા.૧૭

ભારત અને પાકિસ્તાન વાઘા સરહદ પર આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. પાકિસ્તાની ગુપ્તચર સંસ્થાઓને એવી માહિતી મળી છે કે લશ્કરે તોયબા અને તાલિબાની ત્રાસવાદીઓએ વાઘા સરહદ પર પાકિસ્તાની ચોકી પર હુમલો કરી શકે છે. જેથી ભારતીય સરહદ ઉપર પણ ખતરો રહેલો છે. એવા સમચાર મળ્યા છે કે ત્રાસવાદીઓ પાકિસ્તાની ચોકી પર હુમલા કરવા માટે કાવતરાઓ ઘડી રહ્યા છે આ કાવતરાની માહિતી પાકિસ્તાની ગુપ્તચર સંસ્થાઓ પાસે પહોંચી ગઈ છે. પાકિસ્તાની પોલિસ મારફતે આ માહિતી બીએએસ અને પંજાબ પોલીસ સુધી પણ પહોંચી ગઈ છે. આતંકવાદી ખતરાને ધ્યાનમા લઈને વાઘા સરહદ પર સુરક્ષા વ્યવસ્થા અગાઉ કરતા વધારે મજબૂત કરી દેવામા આવી છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ આતંકવાદીઓએ હુમલાના કાવતા ઘડી કાઢ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમા સુધારો થાય તેમ પાકિસ્તાની આતંકવાદીઓ ઈચ્છતા નથી. મળેલી માહિતી મુજબ ભારત અને પાકિસ્તાન વચ્ચે શરૂ થઈ રહેલા કારોબારને નુકસાન પહોંચાડવા તમામ પ્રકારની ગણતરી કરી લેવામા આવી છે. અત્રે નોંધનીય છે કે તાજેતરમાં જ ગૃહ પ્રધાન પી ચિદમ્બરમે દ્વિપક્ષીય કારોબાર માટે ઈન્ટીગ્રટેડ ચેક પોસ્ટનુ ઉદ્ઘાટન કર્યુ હતુ.